ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

સે. ૨૮ જીઆઈડીસીમાં ગંદકીનુ સામ્રાજ્ય

પરપ્રાંતિય તત્વોની દાદાગીરી : કચરો એકત્રિકરણ અને નિકાલની વ્યવસ્થાનો અભાવ : જનઆરોગ્ય અને પર્યાવરણ સામે પણ ખતરો

ગાંધીનગર, તા. ૧૪

સ્વચ્છ ભારતના અભિયાન અન્વયે શહેરમાંથી ગંદકી ઉલેચવા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ત્યારે સે. ૨૮ જી.આઈ.ડી.સી. સ્થિત એન્જિનીયરીંગ એસ્ટેટમાં ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે. પરપ્રાંતિય લોકો દબાણો ઉભા કરી અસહ્ય ગંદકી ફેલાવી રહ્યા છે. જેના લીધે આ વિસ્તારમાં પ્રદૂષણ ફેલાવાની સાથે તસ્કરીવૃત્તિ પણ ફુલીફાલી છે.

સ્વચ્છ ભારતના અભિયાન અન્વયે શહેરમાં સરકારી કચેરીઓ, જાહેર સ્થળો તેમજ સેક્ટરોની શેરીઓમાં સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ઠેર-ઠેર કચરો ઉલેચવા સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી છે. પરંતુ શહેરના એન્જિનીયરીંગ એસ્ટેટમાં ગંદકીના થર જામ્યા છે. સેક્ટરોની જેમ કચરા નિકાલની વ્યવસ્થાના અભાવે ઠેર-ઠેર ઉકરડા અસ્તિત્વમાં આવ્યા છે. આ અંગે સે. ૨૮ જી.આઈ.ડી.સી. એન્જિનીયરીંગ કોમ્પલેક્ષ એસોસિએશનના મહામંત્રી એન. પી. પટેલના જણાવ્યા મુજબ આ વિસ્તારમાં કચરો એકત્રિત કરવા ડસ્ટબીન મુકવાની અનિવાર્યતા ઉભી થઈ છે. એસ્ટેટની બાજુમાં સ્થિત નિગમની દિવાલ પાસે પરપ્રાંતિય લોકો દ્વારા દબાણ ઉભુ કરી જાહેર રસ્તાઓ પર શૌચક્રીયાઓ કરીને અસહ્ય ગંદકી ફેલાવવામાં આવી રહી છે. જ્યારે આવા તત્વો દ્વારા પાણી-ગટરની લાઈનોમાંથી ગેરકાયદેસર જોડાણ મેળવી કનડગત ઉભી કરવામાં આવે છે.

ગટરના દૂષિત પાણીનો ભરાવો થતા સ્થાનિક ઉદ્યોગકારોના સ્વાસ્થ્ય ઉપર ગંભીર અસર થવાનો ભય પ્રવર્ત્યો છે. જ્યારે પર્યાવરણની દૃષ્ટિએ પણ ખતરો મંડરાયો છે. આ પરપ્રાંતિય તત્વો દ્વારા નિગમની દિવાલમાં બાકોરા પાડી નાની-મોટી ચોરીઓ કરવામાં આવતી હોવાની પણ વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ ત્વરિત પગલા લેવા પણ રજૂઆતમાં જણાવાયું છે.

વાવોલના અતિથિ - વાવોલના રામજી મંદિરમાં મંગળવારે સવારે જશોદાબેન મોદી ભગવાનના દર્શને આવ્યા હતા. જશોદાબેને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની તેજોમય પ્રગતિ માટે ભગવાન સમક્ષ પ્રાર્થના કરી હતી. મંદિરના મહંત શ્રી મધુસુદનદાસજીના આશીર્વાદ મેળવ્યા હતા.

દિવાળી પહેલા ઓક્ટોબરનો પગાર ચુકવવા સક્રિય વિચારણા

ગાંધીનગર, તા. ૧૪

દિવાળી તહેવારોને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર આ વખતે કર્મચારીઓના પગાર દસ દિવસ વહેલો એટલે કે દિવાળી પહેલા કરે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકારે આ વખતે દિવાળીના તહેવારો પહેલા સાત ટકા મોંઘવારી ભથ્થુ રોકડમાં આપવાનો નિર્ણય લીધા બાદ રાજ્યના વર્ગ-૪ ના કર્મચારીઓને દિવાળી બોનસ પણ જાહેર કર્યું છે.

આ ઉપરાંત વર્ગ-૪ ને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતા તહેવાર પેશગીની રકમમાં પણ એક હજારનો વધારો કરીને રૂ. ચાર હજાર તહેવાર પેશગી આપવાનો નિર્ણય કર્યો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ વખતે ૨૨મી ઓક્ટોબરે દિવાળી ૨ ઉમીએ નવુ વર્ષ હોઈ રાજ્યના કર્મચારીઓ પોતાના પરિવાર સાથે હર્ષોલ્લાસ સાથે દિવાળીના તહેવાર મનાવી શકે તે માટે રાજ્ય સરકારે ઓક્ટોબર માસનો પગાર ૩૦ મીના બદલે ૧૦ દિવસ વહેલો એટલે કે ૧૯મી અથવા ૨૦મી ઓક્ટોબરે કર્મચારીઓને પગારનું ચુકવણુ કરવાનો નિર્ણય કર્યો છે.

આ અંગેનો આખરી નિર્ણય આવતીકાલે મળનારી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવામાં આવ્યા બાદ આ અંગેના હૂકમો નાણાં વિભાગ દ્વારા જારી કરવામાં આવે તેવી શક્યતા છે.

રાજ્ય સહકારી બેંકની RUPAY એટીએમ કમ ડેબિટ કાર્ડ સેવાનું લોકાર્પણ કરાયું

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહના હસ્તે લોકાર્પણ કરાયું : કૃષિ-સહકાર મંત્રી બાબુભાઈ બોખીરીયા અને આરોગ્ય પરિવાર કલ્યાણ મંત્રી શંકરભાઈ ચૌધરી પણ ઉપસ્થિત રહ્યાં

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત રાજ્યની સહકારી બેંકીંગ ક્ષેત્રની ટોચની બેંક ધી ગુજરાત સ્ટેટ કો-ઓપ.બેંક દ્વારા 'Rupay ATM cum Debit Card' સેવાનું ભારતીય જનતા પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં રાજ્યના કૃષિ અને સહકાર મંત્રી બાબુભાઈ બોખીરીયા અને બેંકના વાઈસ ચેરમેન તેમજ રાજ્ય કક્ષાના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શંકરભાઈ ચૌધરી પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારંભમાં એનપીસીઆઈના ચીફ પ્રોજેક્ટ ઓફિસર ગુપ્તા સાહેબ, આરબીઆઈના જનરલ મેનેજર ગેયોન સાહેબ, નાબાર્ડના જનરલ મેનેજર સરિતા મેડમ તથા બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ પણ આ લોકાર્પણવિધિમાં હાજર રહ્યાં હતા. ગુજરાતના સમગ્ર સહકારી માળખાને ગૌરવપ્રદ રીતે જીએસસીબી દ્વારા રાજ્યની તમામ સહકારી બેંકોને સભ્ય બનાવી 'વન અમ્બ્રેલા' અભિગમ હેઠળ આધુનિક બેંકિંગ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આ માળખામાં ઘરઆંગણે અન્ય સરકારી કે ખાનગી બેંકો જેવી એટીએમ, મોબાઈલ બેકીંગ કે ઈન્ટરનેટ બેંકીંગ જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવાય છે.

આ લોકાર્પણ પ્રસંગે અમિતભાઈ શાહે પ્રાસંગિક ઉદ્બોધનમાં જીએસસીબીને ટુંકાગાળામાં સીબીએસ પ્લેટફોર્મ પર કાર્યરત થતા તેમજ એટીએમ કમ ડેબિટ કાર્ડ જેવી સુવિધાઓ આપવા બિરદાવતા આગામી સમયમાં ઈન્ટરનેટ, મોબાઈલ અને એસએમએસ બેંકિંગ સેવાઓ પણ શરૂ કરાશે તેવી માહિતી આપી હતી. તેમણે કેન્દ્ર સરકારની 'જનધન યોજના' હેઠળ દૂર ગ્રામ્ય વિસ્તારના લોકો પણ હવે બેંકમાં ખાતુ ખોલાવી

● અનુસંધાન પાન-૭ પર

આજે દિલ્હીથી આરોગ્યની ટીમ ગાંધીનગર મેડીકલ કોલેજના અભ્યાસ માટે આવશે

નવતર મોડેલના અભ્યાસ માટે આવી રહેલી ટીમમાં દિલ્હીની પ્રખ્યાત એઈમ્સના અધિકારીઓ પણ સામેલ આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે પણ બેઠક

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મેડીકલ કોલેજ અને સરકારી સિવિલ હોસ્પિટલની સાથે કેવી રીતે વિકાસ પામી તેના અભ્યાસ માટે આજે દિલ્હીથી એક ખાસ ટીમ ગાંધીનગર આવી રહી છે.

ગાંધીનગર મેડીકલ કોલેજે ત્રણ વર્ષના ટુંકા ગાળા દરમ્યાન જ અનોખી છાપ શૈક્ષણિક જગતમાં જમાવી છે. જેને પગલે હવે આ નવા મોડેલના અભ્યાસ માટે દિલ્હીથી ખાસ ટીમ ગાંધીનગર આવી રહી છે.

ગાંધીનગર મેડીકલ કોલેજમાં આ વર્ષથી ડિપ્લોમાં અભ્યાસક્રમ પણ શરૂ થયો છે તેમજ ૧૫ થી પણ વધુ દેહદાન પ્રાપ્ત કર્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પણ એન.એ.બી.એચ. પ્રમાણિત પ્રથમ સરકારી હોસ્પિટલ છે. જ્યારે ગાંધીનગર મેડીકલ સોસાયટી દ્વારા મેડીકલ કોલેજનું સંચાલન કરવામાં આવી રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે આ નવતર મોડેલના અભ્યાસ માટે આવી રહેલી ટીમમાં દિલ્હીની પ્રખ્યાત એઈમ્સના અધિકારીઓ પણ સામેલ છે. આ ટીમ આજે સવારે ગાંધીનગર આવી પહોંચશે અને બપોરે કોલેજ સંકુલમાં આવશે. જ્યાં કોલેજના ડીન અને અધ્યાપકોને તેમજ મેડીકલ રિસર્ચ સોસાયટીના પદાધિકારીઓને મળશે. આ પછી આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે પણ બેઠક કરશે.

સ્થાનિક સ્વરાજની પેટાચૂંટણીઓમાં પણ ભાજપનો દબદબો યથાવત

૪૬ પૈકી ૩૪ બેઠકો ઉપર ભાજપનો શાનદાર વિજય : કોંગ્રેસને ૧૨ બેઠકો મળી : જિલ્લા પંચાયતોની ચાર બેઠક પૈકી ભાજપે કોંગ્રેસની ત્રણ બેઠકો આંચકી લીધી

અમદાવાદ, તા.૧૪

ભાજપના પ્રદેશ પ્રવક્તા આઈકે જાડેજાએ જણાવ્યું હતું કે, આજરોજ પેટાચૂંટણીના પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસને કારમો પરાજય આપી વિજયની પરંપરા જાળવી રાખતા ૪૬માંથી ૩૪ બેઠકો પર વિજય મેળવ્યો છે.

જાડેજાએ જણાવ્યું હતું કે, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાની આજરોજ થયેલ પેટાચૂંટણીની મતગણતરીમાં ભારતીય જનતા પાર્ટીએ જીલ્લા પંચાયતોની ૪ બેઠકો પૈકી કોંગ્રેસની ૩ બેઠકો આંચકી લઈ તમામ ચારેય બેઠકો પર ભગવો લહેરાયો છે. અમદાવાદ મહાનગરપાલિકાની કાંકરીયા વોર્ડની બેઠક ભાજપએ જાળવી રાખી છે તેમજ તાલુકા પંચાયતની અગાઉ ભાજપાની ૧૪ બેઠકો હતી આજ પરિણામ બાદ તે વધીને ૨૨ થઈ છે. આમ ભાજપે કોંગ્રેસની ૭ અને ૧ અપક્ષ બેઠક એમ કુલ ૮ બેઠકો અંકે કરતા સ્થાનિક સ્વરાજ્યની ભાજપની બેઠકોની સંખ્યા ૩૪ થવા પામી છે, જે અગાઉ ૨૬ હતી.

તેઓએ જણાવ્યું હતું કે છેલ્લા ૧૩ વર્ષમાં સામાન્ય ચૂંટણીઓ હોય કે પેટાચૂંટણીઓ હોય ભાજપએ જીતનો સિલસિલો જાળવી રાખ્યો છે. અગાઉ ૧૩ વર્ષના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીના શાસનકાળ દરમ્યાન તેમજ છેલ્લા ચાર મહિનાના મુખ્યમંત્રી તરીકે આનંદીબેન પટેલના ગતિશીલ ગુજરાતના અભિગમને રાજ્યના મતદારોએ ભાજપ તરફી મતદાન કરી સમર્થન આપ્યું છે. રાજ્ય સરકારની પ્રજાલક્ષી નીતિઓ અને

● અનુસંધાન પાન-૭ પર

મતદાર યાદીની સુધારણા-૨૦૧૫

મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૧૫ અંતર્ગત આપનું નામ મતદારયાદીમાં નોંધાવવા માટેની અમૂલ્ય તક...

શું આપનું નામ અને ફોટો મતદારયાદીમાં છે ?
શું આપના કુટુંબના લાયક સભ્યોના નામ મતદારયાદીમાં છે ?
શું આપે જે મતદાન મથકના વિસ્તારમાં રહો છે તે જ વિસ્તારમાં આપનું નામ છે ?

આ વિગતોની ચકાસણી માટે મતદારયાદી ક્યાં જોવા મળશે ?

તા. ૧૫-૧૦-૨૦૧૪ થી તા. ૧૦-૧૧-૨૦૧૪ સુધી મતદારયાદીનો મુસદ્દો

- કલેક્ટર કચેરી
- મ્યુનિસિપલ કોર્પોરેશનની વૉર્ડ કચેરી
- મતદાર નોંધણી અધિકારી/ પ્રાંત અધિકારીની કચેરી
- ગ્રામ પંચાયતની કચેરી
- મામલતદાર કચેરી
- મ્યુનિસિપાલિટી

ખાતે રાખવામાં આવેલ છે, જ્યાં આપ આપના નામની સામે આપના ફોટાની પણ રૂબરૂ ચકાસણી કરી શકશો.

જાગૃત નાગરીક તરીકે આપનો સહયોગ, લોકશાહી તંત્રની પાયાની જરૂરિયાત

મતદાર યાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?

- તા. ૧-૧-૨૦૧૫ ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારનું નામ નોંધાવવા માટે નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજી કરવી.
- નમૂના-૬માં આફના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાં નામ રદ કરાવવા માટે નમૂના-૭માં અરજી કરવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા નમૂના-૮માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના-૮(ક)માં અરજી કરવી.

ઉપર્યુક્ત નમૂના કલેક્ટર કચેરી, મતદારનોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાંથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો. ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ www.ceo.gujarat.gov.in પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો.

તા. ૧૯-૧૦-૨૦૧૪ અને તા. ૨-૧૧-૨૦૧૪ના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ સવારે ૯-૦૦ થી સાંજે ૬-૦૦ કલાક દરમિયાન આપના વિસ્તારના મતદાન મથકોએ પણ આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ પરત આપી શકશો.

હવે SMS દ્વારા પણ વિગતો ચકાસી શકાશે

આપના મોબાઈલમાં ગુજરાત રાજ્યની કોઈપણ જગ્યાએથી epic<SPACE> આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી ફોન નંબર ૮૫૧૧૧૯૯૮૯૯ પર SMS મોકલી આપવાથી આપની મતદારયાદીમાંની વિગતો જાણી શકાશે, અને તે જ પ્રમાણે bio<SPACE> આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી SMS મોકલી આપવાથી આપના વિસ્તારના બુથ લેવલ અધિકારીની વિગતો જાણી શકાશે.

વધુ વિગતો માટે ૧૯૫૦ નંબર ઉપર સંપર્ક કરો

યાદ રાખો

એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલું હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ હેઠળ સજાને પાત્ર ગુનો બને છે.

અરજી કરવાની તારીખ : ૧૫-૧૦-૨૦૧૪ થી તા. ૧૦-૧૧-૨૦૧૪ સુધી

આપની પાસે મતદાર ફોટોઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહીં હોય તો આપ મતદાન કરી શકશો નહીં, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ ચકાસી લો કે જેથી યથા સમયે ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે.

માહિતી/૧૪૩૭/૧૪-૧૫ - મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય

ચાલો માણસા... **જાહેર આમંત્રણ** ચાલો માણસા....

મારુતિ પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

શ્રી સરસ્વતી શિશુ મંદિર

માણસાના લાભાર્થે

"રૂ. ૧૧૦૦૦/- નું વિદ્યાદાન આપી અમર થવાનો અમૂલ્ય અવસર"

વહેલા તે પહેલાના ધોરણે પ્રથમ ૧૫૦૦ દાતાશ્રીઓનો ડ્રો કરી ભાગ્યશાળી દાતાનું નામ સ્કૂલના નામકરણ સાથે જોડાશે. બાકીના દાતાશ્રીઓનું દાનની તકતીમાં નામ લખાશે.

: યોજનાનો પ્રારંભ :

તા. ૧૭-૧૦-૨૦૧૪, શુક્રવારે રાત્રે ૮-૦૦ કલાકે

હાસ્ય સમ્રાટ સાંઈરામના હાસ્ય દરબારથી થશે.

યોજનાનો ડ્રો તા. ૨૯-૩-૨૦૧૫

સ્થળ : શ્રીમતી હીરાબાઈ વિઠ્ઠલદાસ શાહ છાત્રાલય પટાંગણ કોલેજ કેમ્પસ, ઈટાદરા રોડ, માણસા.

સંપર્ક : બાબુભાઈ બી. પટેલ
પ્રમુખ, મારુતિ પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ
મો. ૯૮૭૯૯ ૨૩૭૬૦

દિપાવલી કે ત્યૌહાર આયે
મહેંગાઈ કો માર ભગાયે
'અમૂલ' કે 'ઉપહાર' લાયે

'અમૂલ' કાજુ કતરી

'ઉપહાર' પેક સાથે

૨૦૦ ગ્રામ રૂ. ૧૨૦/-

૫૦૦ ગ્રામ રૂ. ૨૫૦/-

૧ કિલો રૂ. ૫૦૦/-

સંપર્ક : ૭૫૬૭૨૭૦૦૭૬૧

SANGHI CEMENT | KisaN | ashirvad C. PVC, UPVC | VINAYAK500 TMT BARS - ISI | BENELAVE BATH FITTINGS | R.FIXIT | TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com